# પંચાયત અને મહેસૂલી તલાટી માટે જોબચાર્ટ જાહેર કરવામાં આવ્યો

**કુદરતી** આપત્તિના સમયે બંને કેડરે સંયુક્ત કામગીરી કરવી પડશે

ગાંધીનગરઃ ગ્રામ્ય કક્ષાએ પંચાયતલક્ષી અને મહેસૂલી કામગીરી વચ્ચેની જવાબદારીને લઈને લાંબા સમયથી ચાલી રહેલી અસ્પષ્ટતાનો અંત લાવતાં રાજ્ય સરકારે પંચાયત તલાટી-કમ-મંત્રી અને મહેસૂલી તલાટી વચ્ચે કામગીરીની સ્પષ્ટ વહેંચણી સાથે અલગ જોબચાર્ટ જાહેર કર્યો છે. પંચાયત મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે ગ્રામ્ય સ્તરે નાના-મોટા ૯૦થી ૧૦૦ જેટલા અને વિષયવાર ગણતરીએ આશરે ૨૯૦ જેટલા પ્રજાલક્ષી કામો બંને કેડર વચ્ચે વહેંચવામાં આવ્યા છે. નિર્ણયના પગલે હવે કઈ કામગીરી કયા તલાટીની જવાબદારી હેઠળ આવે છે તેની સ્પષ્ટતા થતાં ગ્રામજનોને સરકારી કામો માટે યોગ્ય કચેરી અને અધિકારી સુધી પહોંચવામાં સરળતા રહેશે તેમજ ગ્રામ્ય વહીવટમાં પારદર્શિતા અને જવાબદારી વધશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી પંચાયત અને મહેસૂલ વિભાગની ગ્રામ્ય કક્ષાની કામગીરીમાં જવાબદારી કોની, કામગીરી કઈ અને નાગરિકે કોનો સંપર્ક કરવો તેની સ્પષ્ટતા થવાની સાથે બંને કેડર વચ્ચેના કાર્યવિસ્તારની અસ્પષ્ટતા દૂર થશે. કુદરતી આપત્તિના સમયે કૃષિ રાહત પેકેજ જેવી કામગીરીમાં પંચાયત તલાટી-કમ-મંત્રી અને મહેસૂલી તલાતીએ સંકલનપૂર્વક કામગીરી કરવાની રહેશે.

### ગ્રામ પંચાયત અને ગ્રામ વિકાસની કામગીરી

- » ગ્રામ પંચાયતના સચિવ તરીકે કરવાની તમામ કામગીરી ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારની વ્યક્તિગત તથા વિકાસલક્ષી યોજનાઓના ગ્રામ્ય કક્ષાએ અમલીકરણની જવાબદારી પણ પંચાયત તલાટીને સોંપવામાં આવી છે.
- » પંચાયત તલાટીના જોબચાર્ટમાં વિવિધ પ્રમાણપત્રો, ગ્રામતળ, ગૌચર તથા પંચાયત હસ્તકની જમીન પરના દબાણ, જાહેર મિલકતો, ગામની સ્વચ્છતા, પાણી પુરવઠો, વૃક્ષારોપણ, ગ્રામસભા તથા વિવિધ સમિતિઓની કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- » પીએમ-કિસાન, પીએમ-વિશ્વકર્મા, ઈ-ગ્રામ/ઈ-નિર્માણ કાર્ડ, આંગણવાડી, પ્રાથમિક શિક્ષણ, ગ્રામ્ય સ્વચ્છતા અને આરોગ્ય સહિતની કામગીરી પણ પંચાયત તલાટીના કાર્યક્ષેત્રમાં રહેશે.

### મહેસૂલી તલાટીને આ કામગીરી કરવાની રહેશે

- » મહેસૂલના વિવિધ અધિનિયમો અને નિયમો હેઠળની કામગીરી
- » હિજરતી મિલકત અને અશાંત ધારા સંબંધિત કામગીરી, સરકારી જમીનના રેકર્ડ અને સર્વે, જમીનના હકો, સરકારી મિલકતની ચકાસણી અને દબાણ સહિતની કામગીરી
- » જમીન મહેસૂલ અને બાકી લેણાની વસૂલાત, જમીન સંપાદન, જમીન મહેસૂલમાં છૂટ-અગર વધઘટ, જમીન સંબંધિત વહીવટી કામગીરી તથા પાક ઉત્પાદન અને જમીન સુધારણા ------ પીએમ-સ્વામિત્વ યોજના, પાક કાપણી પ્રયોગો, ખેડૂત નોંધણી, પાક વીમા અને કુદરતી આપત્તિના સમયે કૃષિ રાહત પેકેજ સંબંધિત કામગીરી

### કુદરતી આપત્તિમાં બંને કેડર સાથે મળીને કામ કરશે

બંને કેડરની કામગીરી અલગ કરવામાં આવી હોવા છતાં જ્યાં જરૂરી હોય ત્યાં પરસ્પર સંકલનની જોગવાઈ પણ રાખવામાં આવી છે. ખાસ કરીને ગ્રામ્ય કક્ષાની કામગીરીમાં ખાસ જરૂરિયાત ઊભી થાય તેવા કિસ્સામાં વિકાસ કમિશનર દ્વારા ખાસ હુકમ કરવામાં આવે તો ગ્રામ્ય કક્ષાના સાહસિક ઉદ્યોગસાહસિક (વીસીઈ) મહેસૂલી તલાટીને મદદરૂપ થઈ શકશે.

# પરીક્ષા વિભાગ હવે 16 કલાક કાર્યરત રહેશે

**પ્રશ્નપત્રની** ભૂલથી લઈને હોલ ટિકિટ અને પરિણામની કામગીરીમાં ઝડપ લાવવા VNSGUનો નિર્ણય

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગની કામગીરી હવે બે શિફ્ટમાં કરવામાં આવશે. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ અને સંલગ્ન કોલેજોને પડતી તાત્કાલિક મુશ્કેલીઓનું ઝડપી નિરાકરણ લાવવાના હેતુથી પરીક્ષા વિભાગનો કાર્યસમય 8 કલાકથી વધારીને 16 કલાક કરવામાં આવશે.

હાલમાં વહેલી સવારના પરીક્ષા સત્ર દરમિયાન કોઈ સમસ્યા ઊભી થાય ત્યારે પરીક્ષા વિભાગની કામગીરી શરૂ થઈ ન હોવાથી કોલેજો અને પરીક્ષા કેન્દ્રોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. હવે બે શિફ્ટમાં વિભાગ કાર્યરત રહેતા પરીક્ષા શરૂ થયા બાદ ઊભી થતી સમસ્યાઓ અંગે તાત્કાલિક નિર્ણય લઈ શકાશે. પરીક્ષા દરમિયાન પ્રશ્નપત્રમાં પ્રિન્ટિંગની ભૂલ, પ્રશ્ન અસ્પષ્ટ હોવો, સિલેબસ બહારનો પ્રશ્ન, ભાષાકીય વિસંગતતા અથવા અન્ય ગંભીર મુદ્દો સામે આવે તો પરીક્ષા કેન્દ્રે યુનિવર્સિટી પાસેથી માર્ગદર્શન લેવું પડે છે.

પરીક્ષા વિભાગની વધારાની શિફ્ટને કારણે આવા કિસ્સામાં યુનિવર્સિટી ઝડપથી નિર્ણય લઈને તમામ પરીક્ષા કેન્દ્રોને જરૂરી સૂચના આપી શકશે. પરીક્ષાના દિવસે હોલ ટિકિટ ડાઉનલોડ ન થવી, નામ કે વિષયમાં ભૂલ, ફોટો અથવા અન્ય વિગતોમાં વિસંગતતા જેવી સમસ્યાઓના કારણે વિદ્યાર્થીઓ પર માનસિક દબાણ સર્જાય છે. પરીક્ષા વિભાગ વધુ સમય સુધી કાર્યરત રહેતા આવી ફરિયાદોમાં તાત્કાલિક માર્ગદર્શન, વેરિફિકેશન અને જરૂરી સુધારાની પ્રક્રિયા હાથ ધરવામાં સરળતા રહેશે.

### રિચેકિંગ-રિવેલ્યુએશનની કામગીરીમાં પણ ઝડપ

પરીક્ષા ફોર્મ, હોલ ટિકિટ, પરિણામ સંબંધિત રજૂઆતો, રિચેકિંગ, રિવેલ્યુએશન અને અન્ય પરીક્ષા સંબંધિત વહીવટી કામગીરી માટે પણ વધારાનો કાર્યસમય મળશે. પરિણામે અરજીઓના નિકાલમાં ઝડપ આવવાની સાથે પેન્ડિંગ કામગીરી અને બેકલોગ ઘટાડવામાં મદદ મળશે.

### કોલેજો સાથે સંકલન વધુ અસરકારક બનશે

પરીક્ષા દરમિયાન યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજો વચ્ચે તાત્કાલિક સંકલનની જરૂર પડતી હોય છે. પરીક્ષા વિભાગની ઉપલબ્ધતા વધવાથી પ્રશ્નપત્ર, પરીક્ષા વ્યવસ્થા અથવા વિદ્યાર્થી સંબંધિત કોઈ સમસ્યા ઊભી થાય ત્યારે કોલેજો સાથે ઝડપથી સંપર્ક કરીને નિર્ણય લઈ શકાશે. ડો. કિશોરસિંહ ચાવડા, કુલપતિ, VNSGUએ પરીક્ષા વિભાગની કામગીરીને વધુ ઝડપી અને વિદ્યાર્થીલક્ષી બનાવવા આ નિર્ણય કર્યો છે.

# 5 પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે MoU માટે નર્મદ યુનિવર્સિટીની કવાયત

**ઉદ્યોગ,** નાણાકીય બજાર, વન્યજીવન અને વૈજ્ઞાનિક સંશોધન ક્ષેત્રે વિદ્યાર્થીઓને નવી તકો મળશે

સુરતઃ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ઉદ્યોગલક્ષી જ્ઞાન, સંશોધન અને વિવિધ ક્ષેત્રોમાં પ્રાયોગિક અનુભવ મળી રહે તે માટે યુનિવર્સિટી દ્વારા પાંચ પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે એમઓયુ કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તા. 11 ઓગસ્ટે યોજાયેલી એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા યુનિવર્સિટી અને ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (એફઆઈઆઈ), સીસીઆઈ ઈન્ડિયા (ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા), ધ સેન્ટર ફોર વાઈલ્ડલાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝ (સીડબલ્યુસીએસ), ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી (બિકેનએમયુ), નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિક્યોરિટીઝ માર્કેટ્સ (એનઆઈએસએમ) તેમજ બિરબલ સાહની ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેલિયોબોટની, લખનઉ (બીએસઆઈપી) વચ્ચે એમઓયુ કરવા માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવામાં આવી છે. ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી અને સીસીઆઈ ઈન્ડિયા સાથેના પ્રસ્તાવિત એમઓયુથી વિદ્યાર્થીઓને ઉદ્યોગ અને વાણિજ્ય ક્ષેત્રની કામગીરી અંગે પ્રાયોગિક સમજ મેળવવાની તક મળશે.

સાથે જ ઈન્ટર્નશિપ, તાલીમ, વર્કશોપ, નિષ્ણાત માર્ગદર્શન અને ઉદ્યોગલક્ષી કૌશલ્ય વિકાસ જેવી પ્રવૃત્તિઓ માટે સહયોગની તકો ઊભી થઈ શકે છે. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ બાદ હવે બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા આ પ્રસ્તાવ અંગે નિર્ણય લેવામાં આવશે. મંજૂરી મળ્યા બાદ પાંચેય સંસ્થાઓ સાથે એમઓયુ કરવાની પ્રક્રિયા આગળ વધશે.

આ સહયોગથી વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે ઉદ્યોગ, સંશોધન અને વ્યવસાયિક ક્ષેત્રમાં પ્રાયોગિક અનુભવ મેળવવાની નવી તકો ઉપલબ્ધ થવાની અપેક્ષા છે.

# વડોદરાના સાંસદને રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ બનાવાયા

**ભાજપની** રાષ્ટ્રીય ટીમમાં ગુજરાતના ચાર નેતાને સમાવાયા

ગાંધીનગર : ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનની નવી ટીમની જાહેરાત સાથે ગુજરાતનો રાષ્ટ્રીય સંગઠનમાં દબદબો વધુ મજબૂત થયો છે. નવી રાષ્ટ્રીય ટીમમાં ગુજરાતના ચાર નેતાઓને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશીને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ, જગદીશ ઈશ્વરભાઈ પટેલ અને રોહન ગુપ્તાને રાષ્ટ્રીય મંત્રી તથા વડોદરાના સાંસદ હેમાંગ જોશીને ભારતીય જનતા યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે.

ગુજરાત માટે સૌથી નોંધપાત્ર નિમણૂક હેમાંગ જોશીની છે. ૩૫ વર્ષીય વડોદરાના સાંસદને ભાજપના યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. યુવા મોરચાના રાષ્ટ્રીય સંગઠનની જવાબદારી ગુજરાતના યુવા નેતાને મળવી રાજ્ય ભાજપ માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

આ ઉપરાંત વર્ષાબેન દોશીને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તથા જગદીશ પટેલ અને રોહન ગુપ્તાને રાષ્ટ્રીય મંત્રી તરીકે સ્થાન મળતાં રાષ્ટ્રીય સંગઠનમાં ગુજરાતના પ્રતિનિધિત્વને વધુ વજન મળ્યું છે.

### ગુજરાત ભાજપના અગ્રણીઓને મળેલી જવાબદારી

| | |
|---|---|
| વર્ષાબેન દોશી | રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ |
| જગદીશ પટેલ | રાષ્ટ્રીય મંત્રી |
| રોહન ગુપ્તા | રાષ્ટ્રીય મંત્રી |
| હેમાંગ જોશી | ભાજપ યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ |

# પોલીસ ભરતીની ટેકનિકલ કેડરની પરીક્ષા ૨૩મીએ યોજાશે

**આજથી** કોલલેટર ડાઉનલોડ શરૂ, કુલ ૯૫૦ જગ્યા ભરવાની પ્રક્રિયા

ગાંધીનગરઃ ગુજરાત પોલીસ ભરતી બોર્ડ (GPRB) દ્વારા ટેકનિકલ કેડરની ભરતી પ્રક્રિયામાં મહત્ત્વપૂર્ણ તબક્કા તરીકે આગામી ૨૩ ઓગસ્ટે યોજાનારી લેખિત પરીક્ષાના કોલલેટર આજથી ઉમેદવારો માટે ઉપલબ્ધ કરવામાં આવ્યા છે.

પીએસઆઈ (વાયરલેસ) અને ટેકનિકલ ઓપરેટર, પીએસઆઈ (મોટર ટ્રાન્સપોર્ટ) તેમજ હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ-૧)ની લેખિત પરીક્ષા માટે ઉમેદવારો ૧૭ ઓગસ્ટથી ૨૩ ઓગસ્ટ સુધી કોલલેટર ડાઉનલોડ કરી શકશે. ભરતી બોર્ડે ઉમેદવારોને સમયસર કોલલેટર મેળવી તેમાં દર્શાવેલી વિગતો ચકાસી લેવા અને પરીક્ષા સંબંધિત તમામ સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે.

ગુજરાત પોલીસના વાયરલેસ, સંદેશાવ્યવહાર અને મોટર ટ્રાન્સપોર્ટ જેવા મહત્ત્વપૂર્ણ વિભાગો માટે કુલ ૯૫૦ જગ્યા ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ ભરતી માટે જાન્યુઆરી-૨૦૨૬ દરમિયાન ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી અને હવે લેખિત પરીક્ષા માટેની તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી છે. પીએસઆઈ (વાયરલેસ) અને ટેકનિકલ ઓપરેટરની પરીક્ષામાં સામાન્ય અભ્યાસ ઉપરાંત ઈલેક્ટ્રોનિક્સ, સંદેશાવ્યવહાર વ્યવસ્થા, નેટવર્કિંગ, માઈક્રોપ્રોસેસર, વેબ ટેક્નોલોજી અને અન્ય ટેકનિકલ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે પીએસઆઈ (મોટર ટ્રાન્સપોર્ટ) અને હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક માટે યાંત્રિકશાસ્ત્ર, ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ, વાહન વ્યવહાર અને માર્ગ સલામતી સંબંધિત વિષયો પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

ભરતી બોર્ડના પરીક્ષા માળખા મુજબ લેખિત પરીક્ષા હેતુલક્ષી પ્રકારની રહેશે અને ઓએમઆર પદ્ધતિથી લેવામાં આવશે. ખોટા જવાબ માટે ૦.૨૫ ગુણની નકારાત્મક ગુણાંકન પદ્ધતિ લાગુ હોવાથી ઉમેદવારોએ જવાબ આપતી વખતે ખાસ સાવચેતી રાખવાની રહેશે.

# બ્રાન્દ્રા-જયપુર ટ્રેન હવેથી નિયમિત દોડાવવાનો નિર્ણય

**ટ્રેનના** સમયમાં ફેરફાર કરાયો, 55 મિનિટ વહેલી ઉપડશે

સુરતઃ સુરતથી રાજસ્થાન જનારા મુસાફરો માટે રેલવે દ્વારા એક ખૂબ જ મોટા સમાચાર સામે આવ્યા છે, જેમાં લાંબા સમયથી સ્પેશિયલ ટ્રેન તરીકે દોડતી બાન્દ્રા-જયપુર ટ્રેનને હવે નિયમિત (રેગ્યુલર) ટ્રેન તરીકે ચલાવવાની મંજૂરી રેલવે બોર્ડ દ્વારા આપવામાં આવી છે. આ નિર્ણયથી સુરત તેમજ દક્ષિણ ગુજરાતમાં વસતા રાજસ્થાનના હજારો મુસાફરોને મોટો ફાયદો થશે.

આ નવા નિર્ણય મુજબ હવે આ ટ્રેન 19724/19723 બાન્દ્રા ટર્મિનસ-જયપુર વીકલી એક્સપ્રેસના નામથી દોડશે. ટ્રેન નં. 19724 બાન્દ્રા ટર્મિનસ-જયપુર એક્સપ્રેસ આગામી 27 ઓગસ્ટથી દર ગુરુવારે બાન્દ્રા ટર્મિનસથી સવારે 8:35 વાગ્યે રવાના થશે અને બીજા દિવસે સવારે 6:45 વાગ્યે જયપુર પહોંચશે. જ્યારે પરત ફરતી વખતે ટ્રેન નં. 19723 જયપુર-બાન્દ્રા ટર્મિનસ એક્સપ્રેસ 26 ઓગસ્ટથી દર બુધવારે જયપુરથી રાત્રે 8:20 વાગ્યે ઉપડીને બીજા દિવસે સવારે 5:10 વાગ્યે બાન્દ્રા ટર્મિનસ પહોંચશે. નિયમિત થવાની સાથે જ આ ટ્રેનના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે, જે અંતર્ગત અગાઉ આ ટ્રેન બાન્દ્રાથી સવારે 9:30 વાગ્યે ઉપડતી હતી તે હવે 55 મિનિટ વહેલા એટલે કે સવારે 8:35 વાગ્યે રવાના થશે.

સુરતના મુસાફરો માટે સૌથી રાહતની વાત એ છે કે આ ટ્રેનનું સુરત રેલવે સ્ટેશન પર પણ પૂરતું સ્ટોપેજ રહેશે. આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, સુરત, વડોદરા, રતલામ, મંસૌર, નીમચ, ચિત્તોડગઢ, ભીલવાડા, માંડલ, વિજયનગર, નસીરાબાદ, અજમેર અને કિશનગઢ જેવા મહત્વના સ્ટેશનો પર રોકાણ કરશે.

આ સ્ટોપેજ મળવાને કારણે સુરતથી સીધા જ રાજસ્થાનના અજમેર, કિશનગઢ, ચિત્તોડગઢ, ભીલવાડા અને જયપુર સહિતના અનેક શહેરો માટે સીધો રેલવે વિકલ્પ ઉપલબ્ધ બની જશે.

મુસાફરોની સગવડતાને ધ્યાનમાં રાખીને આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી 2-ટિયર, એસી 3-ટિયર, એસી 3-ટિયર ઈકોનોમી, સ્લીપર અને જનરલ સેકન્ડ ક્લાસના કોચ જોડવામાં આવશે, જેથી મુસાફરો પોતાની અનુકૂળતા મુજબ મુસાફરીનો આનંદ માણી શકે.

# સુમુલના પ્રમુખ-ઉપપ્રમુખનો મામલો દિલ્હી અમિત શાહ પાસે પહોંચ્યો




**અઢી** લાખ પશુપાલકોની આર્થિક જીવાદોરી સમાન સુમુલમાં સત્તાની ખેંચતાણ

**સર્વ** સહમતિ પછી બોર્ડ મિટિંગની નવી તારીખ જાહેર થશે

સુરતઃ સુરત અને તાપી જિલ્લાના અંદાજે અઢી લાખ પશુપાલકોની આર્થિક જીવાદોરીસમાન સુમુલ ડેરીમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણીને લઈને ભાજપનાં બે જૂથો વચ્ચે ચાલી રહેલી ખેંચતાણ હવે ચરમસીમાએ પહોંચી છે. પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક છેલ્લી ઘડીએ મુલતવી રાખવામાં આવતાં સહકારી ક્ષેત્રમાં ભારે વિવાદ સર્જાયો છે. સોમવારે મોટી સંખ્યામાં પશુપાલકો અને સહકારી આગેવાનો સુમુલ ડેરીમાં પ્રમુખ-ઉપપ્રમુખની વરણીની જાહેરાતની અપેક્ષાએ પહોંચ્યા હતા, પરંતુ બેઠક જ મુલતવી રહેતાં તેમની નારાજગી ખુલ્લેઆમ સામે આવી હતી. ભાજપના ચાલતી ચર્ચા મુજબ મામલો હવે કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહના દરબારમાં પહોંચ્યો છે. સર્વ સહમતિ પછી બોર્ડ મિટિંગની નવી તારીખ જાહેર થશે. લગભગ રૂ.8,000થી 8,500 કરોડના વહીવટ અને વ્યવસાય સાથે સંકળાયેલી સુમુલ ડેરીમાં લાંબા સમયથી ભાજપનાં બે જૂથ વચ્ચે સત્તા કબજે કરવાની ખેંચતાણ ચાલી રહી છે. સહકારી સંસ્થાઓમાં પશુપાલકોના હિત કરતાં સત્તાનું રાજકારણ હાવી થઈ રહ્યું હોવાનો આક્ષેપ હવે પશુપાલકો અને મંડળીના પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવી રહ્યો છે.

### અઢી વર્ષ પાઠક અને અઢી વર્ષ સંદીપ દેસાઈ પ્રમુખ અથવા ત્રીજા નામ પર મહોર લાગશે?

ભાજપ તરફથી પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે મેન્ડેટ નક્કી થવાનું હતું અને ત્યારબાદ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં વરણી થવાની હતી. જોકે, અંતિમ તબક્કે સમગ્ર પ્રક્રિયા એક સપ્તાહ માટે પાછળ ઠેલાઈ છે.સૂત્રોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે અઢી-અઢી વર્ષની ફોર્મ્યુલા પર ભાર મુકાઈ રહ્યો છે. તેમાં પ્રથમ અઢી વર્ષ માટે સુમુલના પૂર્વ ચેરમેન રાજુભાઈ પાઠક અને કાંતિભાઈ ગામીતનાં નામોની ચર્ચા છે. કહે છે કે, એ માટે પ્રબળ દાવેદાર એવા ચોર્યાસી બેઠકના ધારાસભ્ય સંદીપ દેસાઈ સહમત હોવાની વાત મૂકી ચૂક્યા છે. જ્યારે બીજા અઢી વર્ષ માટે ધારાસભ્ય સંદીપ દેસાઈ અને જાલમસિંહ વસાવાના નામની ચર્ચા ચાલી રહી છે.

### ડેરીના વહીવટમાં અનુભવ ધરાવતાં નામો વચ્ચે જ મુખ્ય સ્પર્ધા

સુમુલના વહીવટી અને સહકારી ક્ષેત્રના અનુભવને ધ્યાનમાં રાખતાં રાજુભાઈ પાઠક, સંદીપ દેસાઈ, ભરતસિંહ સોલંકી અને કાંતિભાઈ ગામીતનાં નામો મુખ્ય ગણાઈ રહ્યાં છે. પ્રમુખ પદની ફોર્મ્યુલા માટે રાજુભાઈ પાઠક, સંદીપ દેસાઈ અને ભરતસિંહ સોલંકી એમ ત્રણ જ નામો નિરીક્ષકો સમક્ષ રજૂ થયાં હતાં. જ્યારે ઉપપ્રમુખ પદ માટે પૂર્વ મંત્રી કાંતિભાઈ ગામીત, જાલમસિંહ વસાવા અને શૈલેષ પટેલનાં નામો રજૂ થયાં હતાં. હવે હાઇકમાન્ડ કયાં નામો અને કઈ ફોર્મ્યુલા સાથે આગળ વધે છે તેના પર સુમુલના આગામી બોર્ડની બેઠક મંડરાઈ રહી છે.

### જલદી પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણી નહીં યોજાય તો પશુપાલકોની આંદોલનની ચીમકી

સોમવારે સુમુલ ડેરી ખાતે એકઠા થયેલા પશુપાલકોમાં બેઠક રદ થતાં ભારે રોષ જોવા મળ્યો હતો. પશુપાલકો અને મંડળીના પ્રતિનિધિઓએ આગામી ટૂંક સમયમાં પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી લોકતાંત્રિક રીતે યોજવામાં નહીં આવે તો સુરત અને તાપી જિલ્લામાં તેમજ સુમુલ ડેરી પરિસરમાં આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. અઢી લાખ પશુપાલકોનાં હિત સાથે સીધી રીતે જોડાયેલી સુમુલમાં હવે ભાજપનું આંતરિક રાજકારણ કેટલું લાંબું ચાલે છે અને હાઇકમાન્ડ કઈ ફોર્મ્યુલા સાથે સત્તાની ખેંચતાણનો અંત લાવે છે તેના પર સમગ્ર સહકારી ક્ષેત્રની નજર મંડાઈ છે. હાલ તો કરોડોના વ્યવહાર ધરાવતી સુમુલ ડેરી ચુંટાયેલા બોર્ડની રાહ જોઈ રહી છે અને પશુપાલકો દૂધના ભાવ તથા અન્ય આર્થિક નિર્ણયો અંગે તાત્કાલિક નિર્ણયની અપેક્ષા રાખી રહ્યા છે.

### પહેલો અધિકાર 85% દૂધ ભરનાર આદિવાસી સમાજના ડિરેક્ટરોનો: તુષાર ચૌધરી

સુરતઃ માજી કેન્દ્રીય મંત્રી તેમજ નેતા, કોંગ્રેસ પક્ષ, ગુજરાત વિધાનસભા ડો.તુષારભાઈ ચૌધરી અને ખેડૂત આગેવાન તથા પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકે સુમુલ ડેરીની બોર્ડ મિટિંગ અને પ્રમુખ, ઉપપ્રમુખ પદ માટે મેન્ડેટ જાહેર કરવાનો નિર્ણય હાલ પૂરતો મોકૂફ રાખતાં એ બાબતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય સહકાર મંત્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી સુમુલ ડેરીના પ્રમુખ, ઉપપ્રમુખ પદ માટે આદિવાસી સમાજના ડિરેક્ટરની વરણી કરવા અને કલમ 86ની કથિત ભ્રષ્ટાચારની તપાસમાં સંડોવાયેલા ડિરેક્ટરોની નિમણૂક ન કરવા રજૂઆત કરી છે. બંને આગેવાનોએ જણાવ્યું હતું કે, આજે પણ સુમુલ ડેરીમાં આવતું અંદાજે ૮૫% દૂધ તાપી અને સુરત જિલ્લાના આદિવાસી પશુપાલકો દ્વારા પૂરું પાડવામાં આવે છે. તેથી ડેરીના સર્વોચ્ચ પદો પર પ્રથમ હક આદિવાસી સમાજના પ્રતિનિધિઓનો હોવો જોઈએ.

‘અર્લી અર્થક્વેક ડિટેક્શન સિસ્ટમ’થી સજ્જ

# ભૂકંપ આવતા જ સેકન્ડોમાં રોકાઈ જશે દેશની પ્રથમ બુલેટ ટ્રેન!

**ભૂકંપ** સંવેદનશીલ વિસ્તારોમાં ૨૮ સિસ્મોમીટર્સનું નેટવર્ક, જેમાંથી 12 મહારાષ્ટ્રમાં અને 16 ગુજરાતમાં

આ ઘટનાનો વિડિયો જોવા QR કોર્ડ સ્કેન કરો

સુરતઃ ભારતની પ્રથમ હાઈ-સ્પીડ રેલવે સેવા એટલે કે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પર સિવિલ બાંધકામ અને ટ્રેક બિછાવવાની સાથે-સાથે વિદ્યુતીકરણ અને સુરક્ષાનું કાર્ય પણ અત્યંત ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. ૫૦૮ કિમી લાંબા આ કોરિડોર પર મુસાફરોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા માટે અત્યાધુનિક ટેક્નોલોજીઓનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે, જેમાં કુદરતી આપત્તિઓ સામે રક્ષણ મેળવવા માટેની ‘અર્લી અર્થક્વેક ડિટેક્શન સિસ્ટમ’ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની છે.

કુદરતી આપત્તિના સમયે સંભવિત જોખમોને ટાળવા માટે દરેક ૧૪ ટ્રેક્શન સબસ્ટેશનને અર્લી અર્થક્વેક ડિટેક્શન સિસ્મોમીટર્સથી સજ્જ કરવામાં આવી રહ્યા છે. આ અદ્યતન સેન્સર ભૂકંપીય પ્રવૃત્તિઓને તાત્કાલિક શોધી કાઢશે. કુલ ૨૮ સિસ્મોમીટર્સ સમગ્ર રૂટ પર સ્થાપિત કરવામાં આવી રહ્યા છે, જેમાંથી ૨૨ હાઈ-સ્પીડ કોરિડોર પર ટ્રેક્શન સબસ્ટેશનો અને સ્વિચિંગ પોસ્ટ્સ ખાતે તથા વધારાના ૬ સિસ્મોમીટર્સ મહારાષ્ટ્ર અને ગુજરાતના ભૂકંપ સંવેદનશીલ વિસ્તારોમાં આંતરિક સ્થળોએ ગોઠવવામાં આવશે.

આ ૨૮ સિસ્મોમીટર્સમાંથી ૧૨ મહારાષ્ટ્રમાં મુંબઈ, થાણે, વિરાર, બોઈસર, ખેડા, રત્નાગીરી, લાતુર અને પાંગરી નજીક સ્થાપિત કરાઈ રહ્યા છે, જ્યારે ૧૬ ગુજરાતમાં વાપી, બિલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, મહેમદાવાદ, અમદાવાદ, અડેસર અને ઓલ્ડ ભુજ નજીક મુકવામાં આવી રહ્યા છે. જો ભૂકંપનો કોઈ આંચકો અનુભવાય, તો આ સિસ્ટમ સેકન્ડોના અંશમાં સક્રિય થઈ જશે અને ટ્રેનોને ઓટોમેટિક રોકવા માટે સુરક્ષાત્મક કાર્યવાહી શરૂ કરી દેશે.

### વિશ્વની સૌથી આધુનિક 2x25 કેવી ઓવરહેડ ટ્રેક્શન સિસ્ટમ

બુલેટ ટ્રેનને ૩૨૦ કિમી/કલાક સુધીની અત્યંત ઊંચી ઝડપે દોડવા માટે સ્થિર અને અવિરત વીજ પુરવઠો જરૂરી છે. આ માટે એમએએચએસઆર કોરિડોરને 2×25 કેવી ઓવરહેડ ટ્રેક્શન સિસ્ટમથી સજ્જ કરવામાં આવી રહ્યો છે, જે ભારતમાં પ્રથમ વખત અમલમાં મુકાઈ રહી છે. નેશનલ પાવર ગ્રીડમાંથી વીજળી મેળવીને તેને ૧૪ ટ્રેક્શન સબસ્ટેશનો (મહારાષ્ટ્રમાં ૫ અને ગુજરાતમાં ૯) મારફતે વિતરણ કરવામાં આવશે. રૂટ પર અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા અને ખામીઓને ઝડપથી અલગ કરવા માટે ૩૧ સ્વિચિંગ પોસ્ટ્સ અને ૧૬ ડિસ્ટ્રિબ્યુશન સબસ્ટેશનોનું નિર્માણ થઈ રહ્યું છે.

### ‘મેક ઇન ઇન્ડિયા’ અને સ્માર્ટ સેન્ટ્રલાઇઝ્ડ મોનિટરિંગ

આ પ્રોજેક્ટ ‘આત્મનિર્ભર ભારત’ અભિયાનને પણ મજબૂત કરી રહ્યો છે. ટ્રાન્સફોર્મર્સ, ઓએચઈ માસ્ટ ક્રોસ આર્મ્સ, ગ્રાઉન્ડ વાયર, પ્રોટેક્શન વાયર અને ફીડર વાયર જેવા અનેક મહત્ત્વપૂર્ણ વિદ્યુત ઘટકોનું ઉત્પાદન હવે ભારતમાં જ થઈ રહ્યું છે, જેનાથી આયાત પરની નિર્ભરતા ઘટી રહી છે. સમગ્ર વિદ્યુત અને આપત્તિ વ્યવસ્થાપન નેટવર્ક પર કેન્દ્રીકૃત નિયંત્રણ કેન્દ્ર દ્વારા રિયલ-ટાઇમ દેખરેખ રાખવામાં આવશે. આ સ્માર્ટ અને સ્વચાલિત સુરક્ષા પ્રણાલીઓ હાઇ-સ્પીડ રેલ મુસાફરીને માત્ર અત્યાધુનિક જ નહીં, પરંતુ વિશ્વની સૌથી સુરક્ષિત અને ભરોસાપાત્ર બનાવશે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

**4 ટન...**

અંદાજ છે. સરકારના જણાવ્યા મુજબ ફૂડ સેફ્ટી વિભાગના સેમ્પલ અને લેબોરેટરી તપાસમાં નોન-સ્ટાન્ડર્ડ ઉત્પાદનોના કિસ્સા સામે આવ્યા બાદ આ નિર્ણય લેવાયો છે.આ પ્રતિબંધની સીધી અસર હોટલો, રેસ્ટોરન્ટો, કેટરર્સ અને ડેરી પ્રોડક્ટના વેપારમાં જોવા મળવાની શક્યતા છે. ખાસ કરીને અગાઉ ઓછા ભાવે મળતા એનાલોગ પનીર અને ચીઝનો ઉપયોગ કરનારા વ્યવસાયિક ગ્રાહકો હવે પ્રમાણભૂત દૂધમાંથી બનેલા પનીર-ચીઝ તરફ વળે તેવી શક્યતા છે.

સુમુલ ડેરીના 74મા વાર્ષિક અહેવાલ 2024-25 મુજબ સુરત શહેરમાં એક વર્ષ દરમિયાન 22,79,194.30 કિલો પનીરનું વેચાણ થયું હતું. આ આંકડાને 365 દિવસ પ્રમાણે ગણીએ તો સુમુલનું સરેરાશ દૈનિક પનીર વેચાણ આશરે 6,244 કિલો એટલે કે 6.24 ટન પ્રતિ દિવસ થાય છે.2024-25 દરમિયાન સુમુલ એ એક વર્ષમાં 22.79 લાખ કિલો પનીરનું વેચાણ કર્યું હતું

સુમુલના વાર્ષિક અહેવાલમાં વધુ વ્યાપક સુરત-તાપી અને ગ્રામ્ય વિસ્તારોના સરેરાશ દૈનિક વેચાણનો આંકડો 6,227 કિલો પનીર પ્રતિ દિવસ દર્શાવવામાં આવ્યો છે. એટલે કે સુમુલની સામાન્ય દૈનિક પનીરની બજાર માંગ આશરે 6.2 ટનના સ્તરે છે.

સુરત જેવા મોટા હોટલ, રેસ્ટોરન્ટ, કેટરિંગ અને ફૂડ-સર્વિસ બજારમાં આ ફેરફાર ખાસ મહત્વનો બની શકે છે. જો એનાલોગ પ્રોડક્ટનો મોટો હિસ્સો પ્રમાણભૂત પનીર તરફ વળે તો અમૂલ સુમુલ સહિત સંગઠિત ડેરીઓને તેનો સીધો લાભ મળી શકે છે.

**CNGમાં ફરી...**

ગેસ તથા LNGની દરિયાઈ હેરફેર અને સપ્લાયમાં વિક્ષેપને કારણે ગેસની ઉપલબ્ધતા તથા ખર્ચ પર દબાણ વધ્યું છે. તેની અસર હવે દેશમાં CNGના ભાવ પર પણ જોવા મળી રહી છે.

ગુજરાત ગેસના CNGનો ઉપયોગ કરતા આશરે 3.34 લાખ વાહનચાલક ગ્રાહકોને આ ભાવ વધારાની સીધી અસર થશે. તેમાં શહેરોમાં મુસાફરોની અવરજવર માટે દોડતા ઓટો રિક્ષા, સ્કૂલ ઓટો, સ્કૂલ વેન, તેમજ ગુડ્ઝ વાહનો, ટ્રાન્સપોર્ટ વાહનો અને ખાનગી CNG કારનો સમાવેશ થાય છે. CNGના ભાવમાં સતત વધારો થતાં દૈનિક વાહન ચલાવવાનો ખર્ચ વધશે. ખાસ કરીને ઓટો રિક્ષા અને સ્કૂલ વાહનચાલકો માટે ઈંધણ ખર્ચ તેમની કુલ દૈનિક આવકના મોટા હિસ્સા સાથે સંકળાયેલો હોવાથી ભાવ વધારાની અસર વધુ જોવા મળી શકે છે.

**ખાડીપૂરઃ...**

બાદ હવે હાઈડ્રોલોજી મોડલ તૈયાર કરવાની કામગીરી આગળ વધી રહી છે.ખાડીપૂર અસરગ્રસ્ત વિસ્તારોમાંથી જનતા, કોર્પોરેટરો, ધારાસભ્યો, સામાજિક આગેવાનો અને ઝોન કચેરીઓ મારફતે મળેલા સૂચનો-આવેદનપત્રો પણ કન્સલ્ટન્ટને મોકલી સંબંધિત અભ્યાસમાં સામેલ કરવા જણાવાયું છે. કન્સલ્ટન્ટ દ્વારા આગામી 15 દિવસમાં પ્રિલિમિનરી રિપોર્ટ રજૂ કરવામાં આવનાર હોવાથી ખાડી પૂર નિવારણ માટેના કાયમી ઉપાયોની દિશામાં હવે તંત્રની નજર આ રિપોર્ટ પર ટકેલી છે.

**ઓયોમાં રૂમ...**

વિભાગમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ જ આકાશના મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાશે. હાલ મૃત્યુનું કારણ હિસ્ટોપેથોલોજી રિપોર્ટના આધારે નક્કી કરવા માટે પેન્ડિંગ રાખવામાં આવ્યું છે. આકાશે કોઈ કેફી પદાર્થ કે શંકાસ્પદ દવા લીધી હોય તેવું કંઈ જણાયું નથી.

**બેરીઝા...**

રૂમ નંબર ૧૩૧૭માં તપાસ કરતાં ફ્લેટ માલિક અનુપ પરસોત્તમભાઈ પાંપાળીયા સહિત છ લોકો નશાની હાલતમાં દારૂ પીતા મળી આવ્યા હતા. પોલીસે ફ્લેટમાંથી વિદેશી દારૂની ૧૪ બોટલો (જેમાં ધ ગ્લેનલિવેટ, જોની વોકર, હેન્ડ્રિક્સ જીન અને સિંગલટોન જેવી મોંઘી બ્રાન્ડનો સમાવેશ થાય છે) કબજે લીધી હતી. કિંમત રૂ. ૧,૦૭,૧૮૦ થાય છે તે જપ્ત કરી હતી. આ ઉપરાંત આરોપીઓ પાસેથી રૂ. ૪,૦૦,૦૦૦ની કિંમતના ૮ કિંમતી સ્માર્ટફોન (આઈફોન ૧૬ પ્રો, ૧૫ પ્રો મેક્સ, સેમસંગ એસ૨૬ અલ્ટ્રા વગેરે) અને બિલ્ડિંગના બેઝમેન્ટમાં પાર્ક કરેલી રૂ. ૫,૦૦,૦૦૦ની હ્યુન્ડાઈ એક્સેન્ટ કાર (GJ-05-JR-5922) મળી કુલ રૂ. ૧૦,૦૭,૧૮૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ દરોડો પોલીસ કોન્સ્ટેબલ ઈશ્વરભાઈ બબાભાઈ અને ગેલાભાઈ વેલાભાઈની બાતમીના આધારે પાડવામાં આવ્યો હતો.

**અમરોલીમાં...**

અને એકઠા થવા અંગેના મેસેજો વાયરલ થયા હતા.જેના પગલે અમરોલી પોલીસ અને કાયદો-વ્યવસ્થા જાળવતી ટીમોએ તકેદારીના ભાગરૂપે ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં પેટ્રોલીંગ અને બંદોબસ્ત ગોઠવ્યો હતો. દરમિયાન, સવારના આશરે અગિયારેક વાગ્યાના અરસામાં વેદાંત ઈન્ડસ્ટ્રીઝના ચાર રસ્તા પાસે ૫૦૦ થી વધુ કામદારોનું ટોળું એકત્ર થઈ ગયું હતું. કામદારો વિવિધ માંગણી સાથે સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. તે દરમિયાન ઉશ્કેરાયેલા ટોળાએ વાતાવરણ ભયજનક બનાવી દીધું હતું અને રસ્તા પર પડેલા પથ્થરો ઉપાડી પોલીસ કાફલા પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. જેમાં ડીસીબી શાખાના હેડ કોન્સ્ટેબલ અતુલકુમાર મદનમોહન દુબેને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.પરિસ્થિતિ બેકાબૂ બનતા એસ.ઓ.જી,પી.સી.બી.અને સુરત શહેરના વિવિધ પોલીસ મથકોમાંથી વધારાનો પોલીસ કાફલો બોલાવી આખરે ટોળાને વિખેરી નાખવામાં આવ્યું હતું. અમરોલી પોલીસે પૂર્વ આયોજિત કાવતરું રચી સરકારી કર્મચારીઓ પર હુમલો કરનાર અજાણ્યા વર્કરો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**સપ્તાહમાં...**

રાખે છે. રવિવારીય રજા એટલા માટે વ્યાજબી નથી કે, સોમવારે ખૂલતા માર્કેટમાં માલ ડિસ્પેચ કરવાની મહત્ત્વની ઇકોનોમી છે. ગુજરાતમાં MSME સેક્ટરમાં અંદાજે રૂ.63,000 કરોડનું ધિરાણ કરવામાં આવ્યું છે, જેમાંથી રૂ.47,000 કરોડનું ધિરાણ માત્ર સુરત શહેર અને જિલ્લામાં કરવામાં આવ્યું છે. તેમાં પણ મોટા ભાગનું ધિરાણ ટેક્સટાઇલ સેક્ટરમાં થયું છે. આ આંકડા દર્શાવે છે કે રાજ્યની અર્થવ્યવસ્થામાં મહત્ત્વનું સ્થાન ધરાવતા અને કૃષિ પછી સૌથી વધુ રોજગારી આપતા ટેક્સટાઇલ સેક્ટરને સરકાર પ્રાયોરિટી તથા ફોક્સ સેક્ટર તરીકે ગણે છે.